For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

રાજ્યમાં 200 જેટલી બોગસ કંપનીઓ બનાવીને બોગસ બિલિંગના આધારે

GST ચોરીનું 2000 કરોડનું કૌભાંડ, 4ની ધરપકડ

પકડાયેલા ચારમાં અગ્રણી અખબારના પત્રકાર મહેશ લાંગાની સાથે સુરતના એક, ભાવનગરના બે ડ્યૂટીચોરોનો સમાવેશ

ગાંધીનગરઃ રાજ્યમાં 200 જેટલી બોગસ કંપનીઓએ બોગસ બિલિંગના આધારે અંદાજિત 2000 કરોડની ટેક્સ ચોરી કરી છે. સમગ્ર કૌભાંડની તપાસ દરમ્યાન અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની સંડોવણી બહાર આવી છે. જ્યારે આજે પુછપરછ બાદ દિલ્હીના અગ્રણી અખબારના અમદાવાદ સ્થિત પત્રકાર મહેશ લાંગાની સાથે ચારની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભાજપના ભગવાન બારડના પુત્ર તથા ભત્રીજાની પુછપરછ કરાઈ રહી છે. આગામી એક સપ્તાહની અંદર વધુ પાંચ આરોપીઓની ધરપકડ થાય તેવી સંભાવના રહેલી છે. અંદાજિત 2000 કરોડની કરોડોની ટેક્સ ક્રેડિટ ચોરીમાં સીજીએસટીની 28 પાનાની ફરિયાદના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અમદાવાદ, સુરત , જુનાગઢ, ખેડા અને ભાવનગર ખાતે 14 સ્થાનો પર દરોડા પાડયા હતા.

ક્રાઈમ બ્રાન્ચના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, બોગસ બિલિંગ અને નકલી ડોકયુમેન્ટના આધારે બોગસ કંપનીઓએ કરોડોની ટેક્સ ચોરી કરી છે, તેના પુરાવા પણ સીજીએસટી દ્વારા પુરા પાડવામાં આવ્યા છે. આ ટેક્સ ચોરીની રકમ 2000 કરોડ સુધી જાય તેવી સંભાવના રહેલી છે. 200 જેટલી ખોટી રીતે બનાવેલી કંપની દ્વારા ઈનપુટ ટેક્સ ક્રેડિટ બનાવી હતી. અલગ-અલગ કંપનીઓમાંથી બોગસ બિલિંગનું કૌભાંડ મળી આવ્યું છે. સીજીએસટી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર ધ્રુવી એન્ટરપ્રાઈઝ, અરહંમ સ્ટીલ , ઓમ કન્સ્ટ્રકશન, શ્રી કનકેશ્વરી એન્ટરપ્રાઈઝ, રાજ ઈન્ફ્રા, હરેશ કન્સ્ટ્રકશન, ડીએ એન્ટરપ્રાઈઝ, ઈથીરાજ કન્સ્ટ્રકશન, બીજે ઓડેદરા , આર એમ દાસા ઈન્ફ્રાસ્ટ્રકચર, આર્યન એસોસિએટસ, પૃથ્વી બિલ્ડર્સ અને પરેશ પ્રદિભભાઈ ડોડિયાની કંપની સામે તપાસ ચાલી રહી છે.

ધ્રુવી એન્ટરપ્રાઈઝ શાપર રાજકોટની સામે તપાસ દરમ્યાન સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. સમગ્ર ટેક્સ ચોરી કૌભાંડની શરૂઆત ધ્રુવી એન્ટરપ્રાઈઝથી થઈ છે. આ કૌભાંડના તાર ગુજરાતની બહાર અન્ય રાજયોમાં પણ જોડાયેલા છે.

કોની કોની સામે CGSTએ પોલીસ ફરિયાદ નોંધાવી

ધ્રુવી એન્ટરપ્રાઇસ, અરહંસ સ્ટ્રીટના નિમેશ વોરા અને હેતલ વોરા સામે ફરિયાદ નોંધાય છે. તો ઓમ કન્સ્ટ્રક્શનના રાજેન્દ્ર સરવૈયા, વનરાજ સિંહ, બ્રીજરાજ સિંહ, હિત્વરાજ સિંહ સરવૈયા સામે પણ ફરિયાદ નોંધાઈ છે. કન્કેશ્વરી એન્ટરપ્રાઇસ કાળુ વાઘ, પ્રફુલ્લ, મનન અને જયેશ વાજા અને વિજય વાઘ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. આ સિવાય રાજ ઈન્ફ્રાના રત્નદિપ ડોડિયા, જયેશ સુરતીયા, અરવિંદ સુરતીયા, હરેશ કસ્ટ્રક્શનના નિલેશ નસીત, જ્યોતિષ ગોંડલિયા અને પ્રભાબેન ગોંડલિયા, ડીએ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર, ઈથીરાજ કંન્સ્ટક્શનના પ્રાઈવેટ લી.ના પ્રોપરાઈટર સામે ફરિયાદ નોંધાય છે. આ સિવાય બીજે ઓડેદરા પ્રોપરાઈટર્સ, આર એમ દાસા ઈનફ્રાસ્ટ્રક્ચર પ્રા. લીના પ્રોપરાઈટર્સ, આર્યન એસોસીએટ્સના પ્રોપરાઈટર્સ, પૃથ્વી બિલ્ડર્સના પ્રોપરાઈટર્સ, પરેશ પ્રદિપભાઈ ડોડિયા સામે ફરિયાદ દાખલ થઈ છે.

બોગસ બિલિંગ કૌભાંડમાં કોની કોની ધરપકડ કરવામાં આવી

- સુરતના જ્યોતિષભાઈ મગનભાઈ ગોંડલિયા (ઉ.વ 42, ધંધો, કન્સ્ટ્રક્શન, રહે.શુકન રેસિડેન્સી, મોટા વરાછા સુરત, મૂળ રહે. વિઠ્ઠલપુર, ખંભાળિયા, અમરેલી)
- એઝાજ ઉર્ફે માલદાર ઈકબાલભાઈ માલદાર (ઉ.વ. 30, રહે, ભાવનગર)
- અબ્દુલ કાદર ઉર્ફે બાપુ સમજભાઈ કાદરી (ઉ.વ.33, રહે, બાગેફિરદોશ ફ્લેટ, ભાવનગર)
- મહેશદાન લાંગા (ઉ.વ.44, રહે, અમદાવાદ)

JGEPCના ચેરમેન વિપુલ શાહની એશિયન સ્ટાર કંપનીના રત્નકલાકારે ફાંસો ખાધો

એક તો કામ બરાબર મળતું ન હોવાથી પગાર અડધાથી ઓછો થઈ ગયો,બીજી તરફ દિવાળી પહેલા બોનસ પણ કાપી લેવાતા રત્નકલાકારે ફાંસો ખાઈ લીધો

લેબર વિભાગ દોડતું થયું, કંપનીમાં તપાસ યોજી સંચાલકોને રત્નકલાકારોની હડતાળ સમેટવા આદેશ

સુરતઃ એશિયન સ્ટાર ડાયમંડ કંપનીના રત્નકલાકાર 41 વર્ષીય રામનગીન સિંગ જમુના સિંગે આપઘાત કરી લેતા નાયબ શ્રમ આયુક્તની કચેરીના અધિકારીઓ દોડતા થયા હતા. લેબર વિભાગે આ ઘટના પછી એશિયન સ્ટારમાં તપાસ યોજી સંચાલકોને રત્નકલાકારોની હડતાળ સમેટવા આદેશ આપ્યો હતો. રામનગીન સિંગ હીરા ઉદ્યોગની મંદીમાં અડધો પગાર મળતાં ચિંતામાં હતા. આપઘાત કરનાર રત્નકલાકાર બે દીકરી અને બે દીકરાના પિતા છે. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, બે મહિનાથી અડધો પગાર મળતો હતો. રામનગીન સિંઘનો પગાર 30થી 35 હજાર રૂપિયા હતો, જો કે, છેલ્લા બે મહિનાથી 15000 જેટલો જ પગાર જ મળી રહ્યો હતો.

સુરતઃ છેલ્લા કેટલાક સમયથી સુરતના હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ છે. રત્નકલાકારોને પુરતું કામ નહીં મળતું હોવાથી બે ટંક ભોજનના પણ ફાંફા પડી રહ્યાં છે. જેથી આર્થિક સંકળામણમાં આવીને રત્ન કલાકારો આત્મહત્યા કરી રહ્યા છે. કતારગામમાં આવેલી જીજેઇપીસીના ચેરમેન વિપુલ શાહની એશિયન સ્ટાર ડાયમંડ કંપનીમાં 800 કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે. તે પૈકીના એક રત્નકલાકારે મંગળવારે રાત્રે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. પગાર અને બોનસના મુદ્દે અહીં છેલ્લા ત્રણ દિવસથી કામકાજ બંધ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા વિસ્તારમાં આવેલી કમલપાર્ક સોસાયટીમાં રહેતા 45 વર્ષિય રામનગીના રામજમનાસિંગ મૂળ ઉત્તર પ્રદેશના વતની હતાં. ત્રણ બાળકોના પિતા એવા રામનગીનાસિંગ જીજેઇપીસીના ચેરમેન વિપુલ શાહની કતારગામ વિસ્તારમાં આવેલી એશિયન સ્ટાર ડાયમંડ કંપનીમાં રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ભરણ-પોષણ કરતા હતા. છેલ્લા કેટલાક સમયથી સુરતના હિરા ઉદ્યોગમાં મંદી છે. મંદીને કારણે દિવાળી પહેલા એશિયન ડાયમંડ સ્ટાર કંપનીએ પગારમાં કાપ મૂકવાની જાહેરાત કરતા કર્મચારીઓમાં નારાજગી જોવા મળી હતી. અઠવાડિયામાં કંપનીના 800થી વધુ કારીગરો હડતાળ પર ઉતરીને કામકાજ બંધ કરી દીધું હતું. કંપનીમાં હડતાળને પગલે રામનગીના સિંગ ડિપ્રેશનમાં આવી ગયા હતા. મંગળવારે રાત્રે તેણે ઘરે ફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. તેઓ જમવાના બાકી હોવાથી તેમનો પુત્ર તેમને બોલાવવા માટે રૂમમાં ગયો ત્યારે તેઓ ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યા હતાં.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસથી કામ બંધ થઈ જતા રામનગીનાસિંગ તણાવમાં આવી ગયો હતો. તે આર્થિક સંકળામણ અનુભવતો હતો. આર્થિક સંકળામણના કારણે ચલાવવામાં તકલીફ થતી હતી. જેથી આર્થિક સંકડામણને કારણે રામનગીનાસિંગે આત્મહત્યા કરી હોવાની સંભાવના છે. હાલ વરાછા પોલીસે અકસ્માત મોતનો બનાવ નોંધીને આગળની તપાસ શરૂ કરી છે.

રામનગીના સિંગના પરિવારજનોએ જણાવ્યું હતું કે હીરા ઉદ્યોગમાં મંદીને કારણે છેલ્લા બે મહિનાથી એશિયન સ્ટાર ડાયમંડ કંપનીમાં કારીગરોને સરખું કામ મળતું ન હતું. તેથી રામનગીનાનો પગાર 35 હજાર રૂપિયાથી ઘટીને 15 હજાર રૂપિયા જેટલો થઈ ગયો હતો. તેથી તેમને ઘર ચલાવવું મુશ્કેલ થઈ ગયું હતું.

...અનુસંધાન પાના 5 પર

ઇતિહાસ જીવંત થયો હોય તેમ કિલ્લો ઝળહળી ઊઠ્યો



મોગલ સલ્તનત દરમિયાન બનેલો સુરતના કિલ્લા ઉપર અંગ્રેજોએ કબજો કરીને તેમની કોઠી બનાવી હતી. મોગલથી લઇને અંગ્રેજોના સમય સુધી અહીં સતત વેપારનો ઝળહળાટ જોવા મળતો હતો. ત્યારબાદ અહીં સરકારી કચેરીઓ શરૂ થઇ જતાં તેને ઝાંખપ લાગી ગઇ હતી. હવે રિનોવેશન બાદ તેના ઉપર રોશની થઇ જતાં એવું લાગી રહ્યું છે કે ઇતિહાસ ફરી જીવંત થઇ ગયો છે. **(તસવીર : હેમંત ડેરે)**

ઝડપની મજા, મોતની સજાઃ લસકાણા BRTSમાં અકસ્માતમાં બાઈકચાલક અને રાહદારીનું મોત

બાઈકરે બીઆરટીએસ કોરિડોરમાં પૂરઝડપે બાઈક હંકારી રાહદારીને અડફેટે લીધો હતો, બંનેના મોતઃ બાઈકની પાછળ બેઠેલા યુવકને પણ ગંભીર ઈજા

સુરતઃ લસકાણા બીઆરટીએસ કોરિડોરમાં ગઈરાત્રે બાઈક ચાલકે રાહદારીને અડફેટમાં લેતા ગંભીર અકસ્માત થયો હતો. જેમાં બાઈક ચાલકનું અને એક રાહદારીનું ગંભીર ઈજાને કારણે મોત થયું હતું. જ્યારે બાઈકની પાછળ બેસેલા યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉમરપાડાના વતની સાહિલ રાજેન્દ્ર વસાસા (18 વર્ષ) અને સાહિલ દિનેશ વસાવા (20 વર્ષ) હાલ લસકાણાથી આગળ પાસોદરા પાટિયા પાસે લેસપટ્ટીના કારખાનામાં રહીને ત્યાં જ કામ કરતા હતા. સાહિલ રાજેન્દ્ર વસાવા અને સાહિલ દિનેશ વસાવા સોમવારે રાત્રે બાઈક પર પાસોદરાથી વરાછા તરફ કોઈ કામ માટે આવી રહ્યા હતા. સાહિલ રાજેન્દ્ર વસાવાએ લસકાણા બીઆરટીએસ કોરિડોરમાંથી પગપાળા નોકરી પરથી ઘરે જતા 44 વર્ષિય દિનેશ રાણાભાઈ દેસાઈ (રહે. હાલ લસકાણા, મૂળ બનાસકાંઠા)ને અડફેટમાં લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. તેમાં બાઈક સવાર બંને મિત્રો અને રાહદારી દિનેશ દેસાઈને ગંભીર ઈજા થતા

...અનુસંધાન પાના 5 પર

વિશ્વ કક્ષાની સંસ્થા ઇન્ટરનેશનલ ડાયાબિટીઝ ફેડરેશન દ્વારા રજૂ કરાયેલા આંકડાઓ મુજબ

2045 સુધીમાં દર 8માંથી 1 વ્યક્તિ ડાયાબિટીઝની સાથે જીવતા હશે

SGCCI દ્વારા ડાયાબિટીઝ વિશે અવેરનેસ સેશન યોજાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ડાયાબિટીઝ પર અવેરનેસ સેશન યોજાયું હતું. ઉદ્યોગકારોમાં ડાયાબિટીઝનું પ્રમાણ સ્ટ્રેસ કે અન્ય કારણે જોવા મળે છે,એની છણાવટ કરતા જાણીતા કન્સલ્ટન્ટ ડાયબિટોલોજિસ્ટ એન્ડ એન્ડોક્રીનોલોજિસ્ટ ડો. પિયુષ દેસાઇ એ જણાવ્યું હતું કે,"ડાયાબિટીઝને દુશ્મન બનાવીને રાખશો તો રોજ તેની સાથે ફાઇટ કરવી પડશે. ડાયાબિટીઝની સાથે લડવાનું નથી, ડિસીપ્લીન સાથે તેને નિયંત્રણમાં રાખી એની સાથે જીવવાનું છે. વિશ્વ કક્ષાની સંસ્થા ઇન્ટરનેશનલ ડાયાબિટીઝ ફેડરેશન દ્વારા રજૂ કરાયેલા આંકડાઓ મુજબ વર્ષ ૨૦૪૫ સુધીમાં દર આઠમાંથી એક વ્યકિત ડાયાબિટીઝની સાથે જીવતા હશે.

આજના યુગમાં પર્યાવરણમાં બદલાવ આવી રહયો છે અને ભેળસેળયુકત વસ્તુઓનું સેવન કરવું પડી રહયું છે. આ સમસ્યા આખા વિશ્વમાં છે. શોસ્યો - ઇકોનોમિક ચેન્જને કારણે આવી પરિસ્થિતિનું નિર્માણ થઇ રહયું છે. વય વધવાની સાથે ડાયાબિટીઝની સમસ્યા પણ વધતી જવાની છે ત્યારે લોકોએ પોતાનામાં સુધારો કરીને બદલાવ લાવવાનો છે. એના માટે લોકોએ કંઇક ને કંઇક નવું શીખતા રહેવું પડશે.

ડો. ઉર્વીબેન અગ્રવાલે જણાવ્યું હતું કે, ડાયાબિટીઝ એ ગ્રંથીઓનો રોગ છે. આ રોગથી માથાના વાળથી લઇને પગના તળિયા સુધી તકલીફ થઇ શકે છે. ડાયાબિટીઝને કારણે આંખ, લીવર, પગની નસો, કિડનીને અસર થઇ શકે છે.

ડો. નિરજ સોનીએ ડાયાબિટીઝને કારણે પગ સંદર્ભે થતી તકલીફો વિષે માહિતી આપી હતી. તેમણે સાવ બેઠાડુ જીવન જીવતા લોકોને ચાલવાની સલાહ આપી હતી. શરૂઆતમાં 15 થી 20 મિનિટ જેટલું ચાલવું જોઇએ અને એ સાતત્યતા જાળવી રાખ્યા બાદ તેમાં વધારો કરી શકાય તેમ છે.

...અનુસંધાન પાના 5 પર

ગટરમાંથી નીકળેલો કચરો મનપાનો સ્ટાફ ગરબાના સ્થળે નાંખી જતાં હોબાળો

પાંડેસરાના કોર્પોરેટર શરદ પાટીલને રજૂઆત કરી તો ઉડાઉ જવાબ આપ્યો

ભક્તોએ જાતે કચરો પુનઃ ડ્રેનેજ લાઈનમાં નાંખી માતાજીની આરતી કરી

હું સવારથી જ લોકોની સમસ્યા જાણવા રાઉન્ડ મારું છુંઃ શરદ પાટીલ

સુરત મહાનગર પાલિકાના વોર્ડ નં.28 (પાંડેસરા-ભેસ્તાન)માં ભાજપના કોર્પોરેટર શરદ નામદેવ પાટીલે જણાવ્યું હતું કે, મારા હિતશત્રુઓ દ્વારા મને બદનામ કરવા માટે આ રીતનું પડયંત્ર કરવામાં આવી રહ્યું છે. જો કે, આ વિસ્તારમાં સફાઈ કેમ ન થઈ એ અંગે તેમણે મગનું નામ મરી પાડવાને બદલે પોતે સવારથી જ મત વિસ્તારમાં નાગરિકોની સમસ્યા અંગે રાઉન્ડ પર નીકળી જતાં હોવાની કેફિયત રજૂ કરી હતી.

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં આવિર્ભાવ સોસાયટીમાં ડ્રેનેજ લાઈનની સફાઇ બાદ કચરો માતાજીની ગરબાના સ્થળે જ ઢગલો કરી મનપાનો સ્ટાફ ચાલ્યો ગયો હતો. મોડી સાંજ સુધી કોઇ સફાઇ કરવા નહીં આવતાં લોકોએ કચરાને પુનઃ ગટરમાં નાંખી દઇ અનોખો વિરોધ નોંધાવ્યો હતો. મળતી વિગત મુજબ જે સ્થળે સોસાયટીના રહેવાસીઓ દ્વારા નવરાત્રિનું આયોજન કરવામાં આવે છે તે જ સ્થળે ડ્રેનેજ લાઈનમાંથી નીકળેલી ગંદકીનો ઢગલો કરી દેવામાં આવ્યો હતો. સોસાયટીના રહેવાસીઓ દ્વારા સ્થાનિક કોર્પોરેટર શરદ પાટીલને ફરિયાદ કરવામાં આવતાં તેઓએ ઉડાઉ જવાબ આપ્યો હતો. આખરે નાછૂટકે રહેવાસીઓ દ્વારા કચરો ડ્રેનેજ લાઈનમાં જ નાંખીને ગટરનું ઢાંકણું બંધ કરી દેવામાં આવ્યું હતું. આ અંગેની ઘટના અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં હવે શરદ પાટીલ અને અને વહીવટી તંત્ર દ્વારા લૂલો બચાવ કરવામાં આવી રહ્યો છે.

પાંડેસરામાં આવેલી આવિર્ભાવ સોસાયટીમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રેનેજ લાઈનમાં સમસ્યાને કારણે સ્થાનિકોને ભારે હેરાનગતિનો

...અનુસંધાન પાના 5 પર

દોઢ વર્ષના ભત્રીજાને રિક્ષા ચલાવવા આપનારા કોસાડના રિક્ષાચાલકને પોલીસે પાંજરે પૂર્યો

સસ્તી પ્રસિદ્ધિની હદઃ દોઢ વર્ષનો બાળક રોડ ઉપર રિક્ષા ચલાવતો હોવાનો વિડીયો વાયરલ

પુખ્તવયનો રીક્ષાચાલક બાળકને ચાલુ રીક્ષાએ હાથમાં સ્ટિયરીંગ સોંપી પાછળ મુસાફરની સીટ પર જાય છે, વાહનચાલકોએ બૂમો પાડતાં ફરી પાછો આવી બાળકના હાથમાંથી સ્ટિયરીંગ સંભાળી લે છે

સુરતઃ શહેરના રસ્તા પર લોકોના જીવ જોખમમાં મુકાય તેવા સ્ટંન્ટ કરતા વીડિયો અવારનવાર વાયરલ થતા હોય છે, પરંતુ હવે તો લોકોએ હદ વટાવી છે. હાલમાં સુરતનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં દોઢથી બે વર્ષની ઉંમરનું બાળક, કે જેને સરખું ચાલતા પણ આવડતું નહીં હશે, તેને તેના દિનેશ નામના કાકાએ મૂડમાં આવીને સ્ટિયરીંગ આપી દેતા રિક્ષા દોડાવતો એક વીડિયો વાયરલ થયો હતો. આ વિડિયો અમરોલી વિસ્તારનો હોઈ પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે બાળકના કાકા વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે.

સરખું ચાલી પણ ન શકતા માસૂમ બાળકના હાથમાં રિક્ષાનું સ્ટિયરિંગ પકડાવીને તેનો પિતા રિક્ષામાં પાછળ મુસાફરોની સીટ પર બેઠેલો વીડિયોમાં જોવા મળે છે. બાળક સ્ટિયરિંગ

...અનુસંધાન પાના 5 પર

મોઢ વણિક અવસાન/બેસણું

અમારા સ્વજન ધનસુખલાલ છોટાલાલ લાપસીવાલાનું મંગળવાર, તા. ૮-૧૦-૨૪ના રોજ અવસાન થયું છે. તેમની અંતિમયાત્રા અમારા નિવાસ્થાનેથી બુધવાર તા. ૯-૧૦-૨૪ના રોજ સવારે ૯ વાગ્યે નીકળી જહાંગીરપુરા સ્મશાન ગૃહ જશે. **તેમનું બેસણું લાયન્સ ક્લબ હોલ, લાલજી નગર, અડાજણ, સુરત ખાતે બુધવાર, તા. ૯-૧૦-૨૪ના રોજ સાંજે ૫ થી ૬** દરમ્યાન રાખવામાં અવેલ છે.
નોંધઃ ચાદર-શાલ પ્રથા બંધ છે.

સ્વ. ધનસુખલાલ છોટાલાલ લાપસીવાલા
સ્વ. તા. ૮-૧૦-૨૦૨૪

લિ.
સ્વ.ગં.સ. સરોજબેન ધનસુખલાલ લાપસીવાલા (પત્ની)
હિતેશ ધનસુખલાલ લાપસીવાલા (પુત્ર) | અંકિતા હિતેશ લાપસીવાલા (પુત્રવધુ)
બિનીતા રંગુનવાલા (પુત્રી) | દુષ્યંત રંગુનવાલા (જમાઈ)
દર્શના ગાંધી (પુત્રી) | કૃણાલ ગાંધી (જમાઈ)
સાન્વી, દેવાંશ, હિષિતા, વિધિ, આર્યન
છોટાલાલ રંગીલદાસ લાપસીવાલા પરિવાર
નિવાસ્થાનઃ ૮૭, સંગના સોસાયટી, નવયુગ કોલેજ પાસે, રાંદેર રોડ, સુરત.

આહિર અવસાન-બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી **નરસિંહભાઈ રવજીભાઈ આહિર** આસો સુદ બીજ, શુક્રવાર તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ દેવલોક થયા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
સદ્ગતનું બેસણું તા.૧૪/૧૦/૨૦૨૪, સોમવારના રોજ સવારે ૧૦:૩૦ થી બપોરે ૨:૩૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે. ઉત્તરક્રિયા તા.૧૬/૧૦/૨૦૨૪, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

:: લિ. શોકાતુર ::
ઈશ્વરભાઈ રવજીભાઈ આહિર | તરૂણ નરસિંહભાઈ આહિર
બાલુભાઈ રવજીભાઈ આહિર | કુણાલ નરસિંહભાઈ આહિર
ધનસુખભાઈ સુખાભાઈ આહિર | કલ્પેન બાલુભાઈ આહિર
પરેશ નાથુભાઈ આહિર | દિશન ભગુભાઈ આહિર
વિપુલ બુધીયાભાઈ આહિર

સ્વ. નરસિંહભાઈ રવજીભાઈ આહિર
સ્વ.તા.૦૪/૧૦/૨૦૨૪
ગામ : ભીમરાડ
નિવાસસ્થાન : આહિર મહોલ્લો, ગામ : ભીમરાડ, સુરત

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીકસ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

અશુભ રામ કબીર

ગામ કેલ્વીકુવા થી જગદીશભાઇ ધીરજભાઇ ભક્તનું દિલગીરી સહ જણાવવાનું કે હમારા મોટા ભાઈ **સ્વ.નરસિંહભાઈ ધીરજભાઈ ભક્ત**નું તા. ૦૪/૧૦/૨૦૨૪ના રોજ અમેરીકા મુકામે દુઃખદ અવસાન થયું છે.
સદ્ગતની આત્માની શાંતિ માટે સંયુક્ત પ્રાર્થના સભા તા.10/10/2024ને ગુરૂવારના રોજ બપોરે 1.00 કલાકે કેલ્વીકુવા મુકામે રાખવામાં આવેલ છે.

સ્વ.નરસિંહભાઈ ધીરજભાઇ ભક્ત
સ્વ.તા.૦૪/૧૦/૨૦૨૪

શ્વસુર પક્ષ
સન્મુખભાઇ ધીરજભાઇ ભક્ત (U.S.A.)
સૂર્યકાન્તભાઇ ધીરજભાઇ ભક્ત (U.S.A.)
ઇશ્વરભાઇ ધીરજભાઇ ભક્ત (U.S.A.)
મું.પો. નનસાડ, તા. કામરેજ, જિ. સુરત.

લિ.
જગદીશભાઇ ધીરજભાઇ ભક્ત
સતીશભાઇ રઘુવીરભાઇ ભક્ત (U.S.A.)
ધર્મેશભાઇ નરસિંહભાઇ ભક્ત (U.S.A.)
સંજયભાઇ નરસિંહભાઇ ભક્ત
મયુરભાઇ મધુસુદનભાઇ ભક્ત
કલ્પેશભાઇ ચંદ્રકાન્તભાઇ ભક્ત
કેતનભાઇ ચંદ્રકાન્તભાઇ ભક્ત
મો.નં. ૯૭૨૭૩૬૦૯૦૦

અવસાન - બેસણું

સ્વ. ગીતાબેન જીતેન્દ્રભાઈ પટેલ (સ્વ. તા. ૦૭/૧૦/૨૦૨૪)
દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની ગીતાબેન જીતેન્દ્રભાઈ પટેલનું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્ગતનું બેસણું તા. ૦૯/૧૦/૨૦૨૪ બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.
લિ.
જીતેન્દ્રભાઈ બાલુભાઈ પટેલ (પતિ) 99794 57012
ધવલ જીતેન્દ્રભાઈ પટેલ (પુત્ર) 99989 65216
નિવાસ સ્થાનઃ ૧૧, ગાયત્રી રો હાઉસ, જીન પેટ્રોલ પમ્પની સામે, જહાંગીરપુરા, સુરત.

દુઃખદ અવસાન-સંયુક્ત બેસણું

સ્વ. કેશીબેન રામજીભાઈ પટેલ
સ્વ. તા. 08/10/2024, પાંચમ, મંગળવાર
દિલગીરી સહ જણાવવાનું કે મારા માતૃશ્રી સ્વ. કેશીબેન રામજીભાઈ પટેલ તા. 08/10/2024 નાં મંગળવાર નાં રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સદ્ગતનાં આત્માને પ્રભુ શાંતિ આપે એ જ પ્રાર્થના...
સદ્ગતનું બેસણું : તા. 10/10/2024, ગુરુવારના રોજ સવારે 10.00 થી 1.00 કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.
લિ.
શ્રી મણીલાલ રામજીભાઈ પટેલ (પુત્ર)
સ્વ. મોહનભાઈ રામજીભાઈ પટેલ (પુત્ર) | શ્રી બલ્લુ ભાઈ રામજીભાઈ પટેલ (પુત્ર)
સ્વ. બાબુભાઈ રામજીભાઈ પટેલ (પુત્ર) | શ્રી રમેશભાઈ રામજીભાઈ પટેલ (પુત્ર)
શ્રી રણજીતભાઈ રામજીભાઈ પટેલ (પુત્ર) | સ્વ. કિશોરભાઈ રામજીભાઈ પટેલ (પુત્ર)
સવિતાબેન રામજીભાઈ પટેલ (પુત્રી) | ભાનુબેન રમેશભાઈ પટેલ (હજીરા) (પુત્રી)
સ્થળઃ દિપલી ગામ, સચીન મગદલ્લા રોડ, સુરત. મો: 9537233566